## ગાંધીનગર મને ગમે છે...



- વિક્રમ જાની

આ વિષય પર લખવાનું વિચાર્યુ એટલે ૧૯૭૯માં પ્રથમવાર ગાંધીનગરમાં ધોરણ-૯માં અભ્યાસ શરૂ કર્યો ત્યારનું ગાંધીનગર નજર સમક્ષ ખડું થયું.

મોટાભાઈની બદલી ગાંધીનગર થતાં તે સમયે સેક્ટર-૨૧માં જ-ટાઈપના સરારી મકાનમાં રહેવાનું શરૂ થયું. સેક્ટર-૨૧માંથી ચ-રોડ ક્રોસ કરી, સે. ૨૨ની પ્રાઈવેટ સોસાયટીમાંથી પસાર થઈ, ઘ-૫ નીકળી મેદાન પસાર કરી સેક્ટર-૧૬ની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વહેલી સવારે પહોંચી જતા. અલબત્ત સાયકલો તો શક્ય નહોતી એટલે ખભે પુસ્તકો મુકી, સડસડાટ સેક્ટર-૧૬માં શાળામાં હાજર.

એ સમયના થોરાત સર, દેવયાની મેમ, પુરોહિત સર અને શિક્ષણને હૃદયથી વરેલા અન્ય શિક્ષકો હજુ માનસપટ પર છે. સવારની પ્રાર્થનામાં ઈશ્વર પ્રત્યેની વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભાવપૂર્ણ સ્થિતિ અનેરી હતી અને એટલે એ જગ્યા પર જવાનું મન અત્યારે પણ થયા કરે છે.

પથિકાશ્રમ એસ.ટી. ડેપો બાદ અમદાવાદ જતી બસ અદશ્ય થાય એટલે ગાંધીનગરની હદ પૂરી થઈ જતી. નગરજનો મુખ્યત્વે બસનો ઉપયોગ કરતાં, ડબલડેકર બસના અમુક નંબરો પણ યાદ રહી ગયેલા. થીયેટર સે. ૨૧માં ગાયત્રી, બીજું પેથાપુરમાં રૂપરાજ અને થોડા સમય પછી ઘ-૫ પાસે શાલીમાર, સેક્ટરોમાં નાના શોપીંગ સેન્ટરો, પ્રાથમિક શાળાઓ શરૂઆતથી જ આગવી ઓળખ ધરાવતા.

શહેરના બે જ મુખ્ય માર્ગ 'ચ' રોડ અને 'ઘ' રોડ, સેક્ટર-૨૨નો રંગમંચ એટલે નગરજનો માટે તહેવારો, સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું મુખ્ય સ્થળ. સે. ૨૧નું જીમખાનાનું ક્રિકેટનું મેદાન ક્રિકેટપ્રેમીઓ માટે સદાય ખુલ્લું.

ધો. ૧૨ પછી સચિવાલયમાં સર્વિસ મળી. તે સમયે ડૉ. જીવરાજ મહેતા ભવનમાં સચિવાલય બેસતું. સચિવાલય ચાલતાં કે સાયકલ પર આવવું-જવું તે સમયની વિશિષ્ટતા હતી. બાદમાં નવું સચિવાલય, વિધાનસભાની ભવ્ય ઈમારતો નિર્માણ પામતાં, ત્યાં પણ લાંબો સમય ફરજો બજાવી.

સરકારી કર્મચારીઓ/અધિકારીઓ ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી પસંદગી પામી પાટનગરમાં સેવા બજાવતાં હોઈ, સ્વાભાવિક રીતે નગરની સંસ્કૃતિમાં વૈવિધ્ય છે. દરેક સંપ્રદાય અહીં પોતાના રીત-રિવાજો, ઉત્સવો આનંદથી ઉજવે છે.

નગરનું વાતાવરણ હંમેશા શાંતિદાયક રહ્યું છે તે નગરજનોની આગવી પોતિકી સૂઝને કારણે છે. ગાંધીનગરમાં સરકાર તરફથી વૃક્ષોનું જતન, નગરજનોનો વૃક્ષપ્રેમ, પક્ષીપ્રેમ અને પર્યાવરણ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હંમેશા ઝળકતી હોય છે. ઉનાળો હજુ રૌદ્ર સ્વરૂપ લે તે પહેલાં જ વર્તમાનપત્રોમાં સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓ દ્વારા પક્ષીપરબ, ચણ, માળાઓનું વિનામલ્યે વિતરણ મોટાપાયે થઈ રહ્યું છે, જે દર્શાવે છે કે આ આપણું ગાંધીનગર છે, અમારાં હૃદયસ્થાને છે અને તેને વધુ ગમતું બનાવવા અમો પ્રયત્નશીલ છીએ.

સમયની માંગ મુજબ ગાંધીનગર આધુનિક બની ચૂક્યું છે ત્યારે તેનાં વૃક્ષો, પંખીઓનો કલરવ અને નરજનોનું આપણપણું આમ જ અકબંધ રહે તેવી અભ્યર્થના.

# શહેરમાં એસી, કુલર અને ફ્રીજની ડિમાન્ડમાં વધારો

## માર્ચમાં જ ૧૫ થી ૨૦ ટકા આ વસ્તુઓનું વેચાણ વધ્યું : જેમાં નાના મિની પોર્ટેબલ એસીની ખરીદી પણ વધારે થઈ રહી છે



ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં ગરમી વધવાની સાથે એસી અને ફ્રીજનું વેચાણ ૧૫ થી ૨૦ ટકા વધ્યું છે. આ વખતે ઉનાળામાં આકરી ગરમી પડવાની છે તેથી એસી, ફ્રીજ અને કુલરના વેચાણમાં તેજીનો માહોલ બનવાનો છે. ગાંધીનગરમાં ૪૦-૪૧ ડિગ્રી તાપમાન વર્તાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં એર કંડિશનર અને કુલરની માંગ વધવા પામી છે.

શોપિંગ મોલ તથા સ્ટોરમાંથી એર કંડિશનરની ખરીદી કરવામાં આવી રહી છે. એસીના વેચાણ કરતા વધારે પોર્ટેબલ એસી ખરીદવાનો ટ્રેન્ડ વધ્યો છે. આની ખાસ વાત એ છે કે પોર્ટેબલ મિની એસી એવુ દમદાર છે કે તે આકારમાં પણ નાનુ છે તેમજ વીજળીનો પણ ઓછો ઉપયોગ કરે છે.

મિની એસીનો ઉપયોગ ઓફિસમાં તથા પીજીમાં રહેતા માણસો દ્વારા વધારે કરવામાં આવતો હોય છે. આ ડિવાઈસને ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ખરીદી શકાય છે. જેની કિંમત ૪૦૦ રૂપિયાથી ૨૦૦૦ રૂપિયા સુધીની હોય છે. તેને ચલાવવુ બહુ જ સરળ છે. તે વીજળીનો વધુ વપરાશ કરતુ નથી. તેમાં ડ્રાય આઈસ કે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. અમુક શહેરીજનોએ ઉનાળાની શરૂઆતમાં જ એસીના ભાવમાં વધારો થાય તે પહેલા જ એસી, કુલર, ફ્રીજની ખરીદી કરી હતી. જો કે કુલરના ભાવ એસીના ભાવ કરતા સરખામણીમાં ઓછા હોવાથી કુલરની માંગ વધારે હોય છે. PCF 25 DLX કુલરની ક્ષમતા ૨૪ લીટરની હોય છે. આ મોડેલમાં ટર્બો ફેન ટેકનોલોજી છે. પાવરફુલ એર પ્રો, વધુને વધુ કુલિંગ માટે હનીકંમ્બ પેડ્સ સહિત અનેક અત્યાધુનિક ફીચર્સ હોય છે. કુલરની બોડી થર્મોકોલની છે. જેની કિંમત ૫૧૦૦ રૂ. છે. BaJaJ - બજાજ કુલર સેગમેન્ટમાં પણ કિંગ છે. આ સેગમેન્ટમાં કંપની ઘણા વિકલ્પો આપે છે. કંપનીનું પ્લેટિની પીએક્સ ૯૭ ટકા છે. ૩૬ લિટર કૂલર પાવરફૂલ છે. જેની ક્ષમતા ૩૬ લિટરની છે. ૧૧.૨ કિલો વજનનું આ કુલર સફેદ રંગમાં ૫૮૯૯ રૂ.માં મળે છે. સતત બે વર્ષ કોરોના મહામારીના કારણે આ ધંધામાં પણ ખોટ જોવા મળી હતી. ત્યારે આ વર્ષે ઉનાળીની શરૂઆતથી જ ગ્રાહકોની સંખ્યામાં વધારો થવાથી વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં ૫ સ્ટાર એસીનો ભાવ દોઢ ટનમાં ૪૬,૫૦૦ રૂપિયા અને ૪ સ્ટાર એક ટન એસીનો ભાવ ૪૨,૦૦૦ રૂપિયા છે. જેમાં ૫ સ્ટાર એસીની ખરીદી મોટા પાયે કરવામાં આવી રહી છે તેવું વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ૩૧ એકમો સીલ કરી ૨ કરોડ ૬૦ લાખ વસુલાત લેવાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨માં તા. ૧-૪-૨૦૨૧ થી ૩૧-૩-૨૦૨૨ સુધી જુના વિસ્તારમાં મિલકતવેરાની કુલ વસુલાત રૂ. ૨૪.૭૩ કરોડ થયેલ છે

તથા નવા સમાવિષ્ટ વિસ્તારમાં રૂ. ૧૦.૭૨ કરોડ થયેલ છે એમ કુલ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંતે રૂ. ૩૫.૪૫ કરોડ વસુલાત કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના જુના વિસ્તારમાં બાકીદારોની વસુલાત અર્થે ૪૦૦૦ એકમોને નોટીસો આપેલ હતી કુલ ૩૧૭ એકમોના વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ હતા

તથા ૩૧ એકમોને સીલ કરવામાં આવ્યા હતા. જેના પેટે રૂ. ૨.૬૦ કરોડ જેટલી વસુલાત કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ-૨૦૨૨-૨૩માં ૧૦ ટકા વળતર યોજના તા. ૪-૪-૨૦૨૨થી ૩૧-૫-૨૦૨૨ સુધી અમલી થનાર છે જેનો લાભ વધુમાં વધુ ગાંધીનગર શહેરીજનોએ લેવા વિનંતી છે.



ગાંધીનગર માટે કચરો અને કચરાપેટીની સમસ્યા ગમે તેટલા ઉપાયો કરવા છતાં યથાવત રહી છે. સેક્ટર-૧૨ પોલીસચોકી પાસે મુકવામાં આવેલ કચરાપેટી પાસે કચરો અસ્તવ્યસ્ત પડેલો જોવા મળી રહ્યો છે.

# ટેસ્ટ ટ્યૂબ બેબીની સારવારમાં સફળતાનો આંક ૨૦ ટકાથી વધી ૭૦ ટકાએ પહોંચ્યો

## એગ ફ્રીઝીંગ મહિલાઓની ફર્ટિલિટી જાળવી રાખવાની એક નવી રીત

ગાંધીનગર, તા. ૩૧

નિઃસંતાનપણાની સારવારમાં ટેસ્ટ ટ્યુબ બેબી સારવારે અનેક દંપતિને નિઃસંતાનપણાની ખોટ ભાંગી છે. ટેસ્ટ ટ્યુબ બેબી પદ્ધતિ આજે પહેલાના સમયના ૧૦ થી ૧૨ ટકાના સફળતા અંકને બદલે વધીને અંદાજે ૭૦ ટકાથી વધુ કિસ્સામાં સફળ થાય છે. વધુ ને વધુ નિઃસંતાન દંપતિઓ આ પદ્ધતિનો લાભ લઈ માતા-પિતા બનવાનો આનંદ લઈ રહ્યા છે.

ડૉ. એડવર્ડ અને બ્રિટનના વિખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડૉ. પેટ્રીક સ્ટેપ્ટોએ સંયુક્ત રૂપે વર્ષો સુધી ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન એટલે કે સરળ ભાષામાં કહીએ તો ટેસ્ટ ટ્યુબ બેબી માટેના પ્રયોગોને વાસ્તવિક જીવનમાં સફળ બનાવ્યા.

આ પ્રક્રિયામાં માતાના અંડકોષને તેની શરીરની બહાર પ્રયોગ શાળાના નિયંત્રિત વાતાવરણમાં પિતામાંથી મળેલ શુક્રકોષ દ્વારા ફલિત કરાવવામાં આવે છે. અને તૈયાર થયેલ ફલિતાંડને પાછુ માતાના ગર્ભાશયમાં પ્રસ્થાપિત કરવામાં આવે છે. જ્યાં સ્થાપિત થયા બાદ



માતા સગર્ભા બને છે અને શિશુનો વિકાસ અન્ય શિશુની જેમ કુદરતી રીતે માતાના ગર્ભમાં જ થાય છે. અહીં ફલનની પ્રક્રીયા લેબોરેટરીની અંદર ટેસ્ટ ટ્યુબ કે પેટ્રી ડીશમાં થતી હોય તેનું પ્રચલિત નામ ટેસ્ટ ટ્યૂબ બેબી પ્રક્રીયા છે.

પોતાનો વંશવેલો ટકાવી રાખવા સંતાન પેદા કરવું સામાન્ય વૈજ્ઞાનિક રીતે પુખ્ત વયના સ્ત્રી અને પુરૂષ વચ્ચે બનતી એક પ્રાકૃતિક-જૈવિક ક્રિયા કહી શકાય. પરંતુ દરેક મિલનનું અંતિમ પરિણામ પણ સંતાન ઉત્પત્તિ નથી. આશરે ૧૦ થી ૧૫ ટકા યુગલો કોઈને કોઈ કારણે સંતાન પ્રાપ્તિ કરી શકતા નથી. જેને સમાજમાં નિઃસંતાન યુગલ તરીકે ઓળખવામાં આવે છે. આવા દંપત્તિઓની સંખ્યા આશરે ૧૦ થી ૧૫ ટકા જેટલી છે. નવાઈની વાત એ છે કે આ દર ઘણા સમયથી એક સમાન છે બદલાયા છે.

કારણો અને તેમનો પ્રકાર

વ્યવસાયિક તણાવ, રેડીયેશન, દવાઓ અને ઝેરી ધાતુ કે રસાયણોની આડ અસર, સિગરેટ-તમાકુનુ સેવન, ડ્રગ્સનું સેવન, દારૂ-આલ્કોહોલનું સેવન, અપૂરતી કસરત, મેદસ્વીતાપણુ એ અન્ય કારણો પૈકીમાંના એક છે.

ડૉ. ચિરાગ જોષી(ઉક્તી મેટરનીટી સેન્ટર)ના જણાવ્યા મુજબ એગ ફ્રીઝિંગ મહિલાઓની ફર્ટિલિટી જાળવી રાખવાની એક નવી રીત છે. પરિવારને પ્રાથમિકતા આપનાર મહિલાઓ આજે કેરિયરને પ્રથમ સ્થાને રાખી રહી છે. ફર્ટિલિટીમાં આવી રહેલી નવી ટેકનિક્સ તેમના આ પ્રયત્નોને સફળ બનાવી રહી છે. કેટલીક આરોગ્ય સંબંધી બાબતોમાં મહિલાઓ એગ ફ્રીઝિંગની મદદ લઈ શકે છે. વધતી વય સાથે મહિલાઓની પ્રજજન શક્તિ ઘટતી જાય છે. આવી પરિસ્થિતિમાં એગ ફ્રીઝિંગ તેમના માટે એક સારો વિકલ્પ છે. એગ ફ્રીઝિંગમાં મહિલાઓનાં આરોગ્ય તેમજ યુવાન ઈંડાઓને સંરક્ષિત કરવામાં આવે છે. આવુ કરીને તેમની જૈવિક ગતિને રોકી દેવામાં આવે છે. તથા બાદમાં તેમનો પ્રજજન માટે કરવામાં આવે છે. થોડાક વર્ષો અગાઉ આ ટેકનિક એટલી સફળ નહોતી પરંતુ છેલ્લા પાંચ વર્ષોમાં થયેલા હકારાત્મક પરિવર્તનોએ તેને ખૂબ શ્રેષ્ઠ બનાવી દીધી છે કે જેથી આજે આ ફર્ટિલીટી સંરક્ષણની એક સફળ રીત તરીકે ઉપસી છે. આ ટેકનિક મોંઘી હોય છે પરંતુ અન્ય ઉપચારોની સરખામણીમાં ખૂબ જ કિફાયતી છે. જો તેની શરૂઆત સફળતાપૂર્વક થઈ જાય તો તેના પરિણામો સારા જ હોય છે.

# ચાંદખેડામાં એકસાથે પ્રથમવાર ૩૨ ફૂટ ઊંચા ભવ્ય શિવલિંગ અને બાર જ્યોતિર્લીંગના દર્શન

## બ્રહ્માકુમારીઝ જનતાનગર ચાંદખેડા દ્વારા લાભ લેવા આમંત્રણ

ગાંધીનગર,તા.૩૦

આઝાદી કા અમૃત મહોત્સવ સંદર્ભે ચાંદખેડામાં એકસાથે પહેલીવાર ૩૨ ફૂટ ઊંચા ભવ્ય શિવલિંગ અને જ્યોતિર્લિંગના દર્શનનો આધ્યાત્મિક કાર્યક્રમ તા.૩૦મી માર્ચ-૨૦૨૨ થી તા.૪-૪-૨૦૨૨ સાંજે ૫ થી ૧૦ એ એમ.સી. નું મેદાન, ચંદ્રેશ્વર મહાદેવના મંદિર પાસે, ચાંદખેડા બસ સ્ટેન્ડની બાજુમાં, ચાંદખેડા ખાતે આયોજન થયેલ છે.

બ્રહ્માકુમારીઝ જનતાનગર, ચાંદખેડા દ્વારા આયોજિત આ કાર્યક્રમ વર્તમાન સમયમાં માનવમાત્રની ઈચ્છા સુખ, શાંતિ ઓર પ્રેમમય વિશ્વ બને તેવી છે. આ હેતુ સાકાર કરવાના ભાગરૂપે બ્રહ્માકુમારીઝ જનતાનગર દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમ, વેલ્યુ ગેમ્સ (અનુભૂતિ કક્ષ), લેસર શો જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.આધ્યાત્મિક ચિત્ર પ્રદર્શન, ચૈતન્ય, દેવી-દેવતાઓની ઝાંખી અને રાજયોગ શિબિર જેવા કાર્યક્રમો પણ યોજાયા છે. આ કાર્યક્રમનો લાભ લેવા બી.કે. સંગીતાબેન ચાંદખેડા દ્વારા જણાવાયું છે. આજે આ પ્રસંગના પ્રારંભે મહાનગરપાલિકા અમદાવાદના દંડક શ્રી અને ચાંદખેડા કોર્પોરેટર શ્રી અરુણસિંહ રાજપુત, કોર્પોરેટરશ્રી રીટાબેન પટેલ, પૂર્વ કોર્પોરેટરશ્રી કલ્પનાબેન વૈધ,મહિલા અને બાળ વિકાસ સોસાયટીના પ્રમુખશ્રી નીતાબેન પુરોહિત, વેપારી સેલ-પ્રમુખ / રાજકીય સામાજીક કાર્યકરશ્રી શરદચંદ્રભાઈ પટેલ, ભા.જ.પ.વોર્ડ





ચાંદખેડા વોર્ડના પ્રમુખશ્રી નવિનચંદ્રભાઈ પટેલ, ચાંદખેડા વોર્ડના ઉપપ્રમુખશ્રી હિતેન્દ્રસિહ રાઠોડ, ચાંદખેડા વોર્ડના ઉપપ્રમુખશ્રી ધવલકુમાર વરતીયા, સામાજિક કાર્યકરશ્રી ચેતનકુમાર પટેલ, સામાજિક કાર્યકરશ્રી નીતિનકુમાર પટેલ ઉપસ્થિત રહયા હતા. ઉલ્લેખનીય છે કે, જનતાનગર ચાંદખેડાના સેવા કેન્દ્ર દ્વારા રાજયોગ શિબિર મેડીટેશન કોર્ષ અને શાંતિ પ્રવચન સવારે ૮ થી ૧૧ તેમજ સાંજે ૪ થી ૮ દરમિયાન નિયમિત પણે યોજવામાં આવે છે. જેનો લાભ લેવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે. વધુમાં તા.૪-૪-૨૦૨૨ થી તા.૧૧-૪-૨૦૨૨ દરમિયાન સવારે ૭ થી ૮ અને શાંત સાંજે ૫ થી ૬ રાજયોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. બી.કે. સંગીતાબહેન દ્વારા જણાવાયું છે કે, આઝાદી કે અમૃત મહોત્સવ સ્વર્ણિમ ભારત કી ઓર અને નિરાકાર પરમપિતા શિવ પરમાત્મા વિશેની વિસ્તૃત માર્ગદર્શન સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવી રહ્યુંછે. આ પ્રસંગે સક્ષમ બનાવવા ઉચ્ચકક્ષાએથી હેડક્વાટર્સ માઉન્ટ આબુના તેમજ ગુજરાત બ્રાન્ચના માર્ગદર્શન હેઠળ બી.કે.સર્વશ્રી સંગીતાબેન, વીણાબેન, હેતલબેન, સુનિતાબેન, નિષાબેન, નીતાબેન પુરોહિત અને અન્ય સાથીઓ દ્વારા પરિશ્રમ કરી રહ્યા છે.

# શહેરના સર્કલોમાં ગંદકીનુ સામ્રાજય જવાબદાર સંસ્થાઓને નોટીસ અપાશે

## વાઇબ્રન્ટ વેળાએ સર્કલોની સુંદરતા નિખારવા જવાબદાર સંસ્થાઓ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી પરંતુ આમ છતા હજુ મુખ્યમાર્ગો પર સર્કલોમાં સફાઇ પણ થતી નથી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના સર્કલો આકર્ષણ વિહોણાં જોવા મળી રહ્યા છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સર્કલોની સુંદરતા નિખારવા માટે જવાબદાર સંસ્થાઓની સાથે બેઠક પણ યોજવામાં આવી હતી પરંતુ વાઈબ્રન્ટ સમિટ મોકુફ રહેતા સર્કલોની જાળવણીનુ કામ પણ અધુરુ રહ્યુ હતુ જયારે હાલ પણ શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોની રેલીંગ પણ તુટેલી છે. જયારે સર્કલોમાં કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. જેના અંતે તંત્ર દ્વારા હવે સર્કલોની જાળવણીને અનુલક્ષી જવાબદાર સંસ્થાઓને ફરી નોટીસ આપવાના મુડમાં છે.

ગાંધીનગર શહેરમાં મુખ્યમાર્ગો વચાળે સ્થિત સર્કલો લાંબા સમયથી કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સર્કલોની સુંદરતા નિખારવા માટે સર્કલોની જાળવણીની જવાબદારી સંભાળતી સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જયારે સર્કલોની જવાબદારી સંભાળતી સંસ્તાઓ સાથે તંત્રએ બેઠક પણ કરી હતી. જો કે વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવામાં આવ્યા બાદ માર્ગ સુધારણાની સાથે સર્કલોની જાળવણીનુ કામ પણ પડતુ મુકાયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે હાલ શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો પર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. અકસ્માતમં તુટેલી ફુટેલી સર્કલોની રેલીંગ પણ હજુ યથાવત સ્થિતિમાં છે. ઘ-૫ સર્કલ પર ગંદકીથી ખદબદતા સર્કલની આવી જ દશા છે. જયારે ગ માર્ગ પર પણ સી સી કેમેરાને અનુલક્ષી ખોદકામ કરવામાં આવતા સર્કલોની જાળવણી કરવામાં પણ નિરસતા સેવવામાં આવી રહી છે. નગરની આગવી ઓળખ સમા સર્કલો કોરોના કાળમાં છેલ્લા ત્રણ વર્ષથી કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે કેટલાક સર્કલોને હવે નવા થીમ પર વિકસાવવા માટે પણ નગરજનોએ પ્રબળ લાગણી વ્યકત કરી છે. શહેરમાં હરિયાળી નિખારવાના અભિગમ સાથે ગ્રીન સીટીનો કન્સેપ્ટ પણ સર્કલોની દશા જોતા નિરસ જોવા મળી રહ્યો છે. દાયકા પુર્વે ગરમીના દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બનતા હતા જયારે ઘ -૪ નુ વિશાળકાય સર્કલ દુર કરી દેવાયુ છે. ત્યારે અન્ય સર્કલોની જાળવણી પણ વિસરાઈ છે. સર્કલોને વધુ આકર્ષક અને નયન રમ્ય બનાવવા માટે અલબત્ત સ્માર્ટ લુક આપવા માટે નવુ આયોજન કરવામાં આવતુ ન હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. જો કે તંત્ર હવે આ મામલે સર્કલોની જાળવણીમાં બેદરકાર સંસ્થાઓને ફરી નોટીસ આપવાના મુડમાં છે.





ગાંધીનગરની ગરમી એટલે તો બાપ...રે...બાપ... દિવસે આકરા તડકામાં તપતી સડકો હોય કે રાત્રે જમીન પરથી ફૂંકાતી લુ હોય... શહેરનો ઉનાળો હંમેશા આકરો રહ્યો છે. વિચિત્ર ભૌગોલિક પરિસ્થિતિના કારણે ગાંધીનગરમાં રાત્રે પણ ગરમીનો સતત અનુભવ થાય છે. આકરી ગરમી હોય કે ભરપૂર વરસાદ હોય શહેરના શ્રમજીવીઓને તો મોસમનો સતત બદલાતો જતો મૂડ સહન કરવો જ પડે છે. તેઓને ગરમીથી રાહત મેળવવા કૂલર કે એસીની ઠંડી હવાની લકઝરી પોષાય તેમ નથી હાથવગા હોય તેવા સાધનોનો ઉપયોગ કરીને તેઓ ગરમીથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે. કલેક્ટર કચેરી તરફ જવાના માર્ગ ઉપર બુટ-ચંપલ રીપેર કરનારો મોચી ગરમીથી રાહત મેળવવા અને તડકાથી રક્ષણ મેળવવા છત્રીનો સહારો લઈ રહ્યો છે.